ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# સાહેબ...! સાચા આંકડા આપી કોરોના સામેના વિજયનો માર્ગ મોકળો બનાવો

**સમયસર**

ભલે સરકાર કહે કે 'અમે આંકડા છુપાવતા નથી' શાસકોનો દાવો હોય કે 'કોરોનાની કામગીરી પારદર્શક રીતે રાજ્ય સરકાર કરી રહી છે.' પરંતુ રાજ્ય સરકારના જીલ્લાતંત્ર અને રાજ્યના આરોગ્ય વિભાગ વચ્ચે સંકલનના અભાવે આંકડામાં વિસંવાદિતતા આજે પણ છે. વાસ્તવિક સ્થિતિની વાત તો દૂર જ રહી. આ બધુ ઉચ્ચકક્ષાની સુચના મુજબ થાય છે કે અધિકારીઓની મરજી મુજબ થાય કે પ્રજાને અંધારામાં રાખવા થાય છે કે ગુજરાતનું અહિત કરવા માટે થાય છે આ સમજાતુ નથી. હા...! માની લઈએ કે પ્રજામાં ભય ઉત્પન્ન ના થાય એટલે આંકડા ઓછા જાહેર કરવા - સંસાધનો ઓછા હોવાના કારણે આંકડા ઓછા જાહેર કરવા, પણ હવે તો એવું કશુંયે નથી. એક તરફ કરફ્યુ મુકાય અને છતાંય આંકડા ઓછા જાહેર થાય. હજુ શા માટે આવો ભ્રમ ઉભો કરાય છે. ક્યાં સુધી પ્રજા વધુ ને વધુ ચેપગ્રસ્ત બને તેવી સ્થિતિનું નિર્માણ થાય છે. સાચી પરિસ્થિતિનો સ્વીકાર કરી પ્રજાનો સતર્ક બનાવવાની જવાબદારી સરકાર કેમ નિભાવતી નથી..?! રાજ્યમાં પાંચ મહિનામાં ૭૮ કરોડનો દંડ માસ્ક નહી પહેરનારા પાસેથી વસુલ કરાયો એ અભિનંદનીય બાબત છે, પરંતુ સ્વયં શિસ્ત પ્રજામાં કેળવાય, થોડો ગભરાટ, થોડો ભય, થોડી સભાનતા, થોડી જાગૃતિ અને થોડી સતર્કતા કેળવવા માટે સમયે સમયે સાચી પરિસ્થિતિ જાહેર કરવાથી જ આવી શકશે. કોરોનાને હરાવવો હોય તો સાચા આંકડા જાહેર કરવા જોઈએ. આ તો 'છાશ લેવા જવું અને દોણી સંતાડવા જેવું છે.'

મુળભૂત સવાલ એ છે કે રોજ સાંજે રાજ્ય સરકારના આરોગ્ય વિભાગની યાદી કોરોનાની છેલ્લી સ્થિતિ દર્શાવતા જિલ્લાવાર આંકડા જાહેર કરે છે. ત્યારબાદ જિલ્લાપંચાયતનું આરોગ્ય વિભાગ અને મહાનગરપાલિકાનું આરોગ્ય વિભાગ છેલ્લી સ્થિતિ જાહેર કરે છે. સૌને ખબર છે, એ પ્રમાણે અમને પણ ખબર છે કે જિલ્લા પંચાયત અને મહાનગર પાલિકા રોજ સાંજે ૫ વાગે રાજ્યના આરોગ્ય વિભાગને આંકડા મોકલે છે. એ જ આંકડા રાજ્ય સરકાર જાહેર કરે છે. તોય બન્ને આંકડાઓમાં બાર ગાઉંનું છેટુ હોય છે. રવિવારના જ આંકડાની વાત કરીએ તો રવિવારે રાજ્ય સરકારના આંકડામાં ગાંધીનગર કોર્પોરેશન સામે ૫૭ કેસ દર્શાવાયા હતા જ્યારે કોર્પોરેશનની યાદીમાં ૩૦ કેસ બતાવાયા હતા. આટલો મોટો તફાવત શંકા ઉપજાવે છે. પ્રજા અસમંજસ સ્થિતિમાં મુકાય છે કે આમાં સાચુ કોણ ? એવી જ રીતે જિલ્લાના આંકડામાં પણ શનિવારે રાજ્ય સરકારે ૩૭ કેસ દર્શાવ્યા અને જિલ્લા પંચાયતની યાદીમાં ૩૧ કેસ દર્શાવાયા એમાંય ૬ કેસનો તફાવત...! અને આમ સમગ્ર ગાંધીનરના જિલ્લામાં રાજ્ય સરકારની યાદીમાં ૯૪ કેસ અને જિલ્લાતંત્રની યાદીમાં ૬૧ કેસ આમ ૩૩ કેસનો તફાવત કેવી રીતે ઉભો થયો. અમને એ જાણવામાં રસ છે કે રાજ્ય સરકારનો જિલ્લા પંચાયત અને મહાનગરપાલિકા સિવાય ત્રીજુ કોણ આંકડા આપે છે..?! અને જો ત્રીજા સ્થાનેથી આંકડા આવતા હોય તો કલેક્ટર શા માટે આ આંકડાઓનું સંકલન કરી જાહેરાત નથી કરતાં..?! કલેક્ટર, મહાનગરપાલિકા અને જિલ્લા પંચાયત વચ્ચે કોઈ સંકલન નથી અને રાજ્ય કક્ષાના આરોગ્ય વિભાગ વચ્ચે પણ જિલ્લાનું કોઈ સંકલન નથી એ સ્પષ્ટ રીતે આંખે ઉડીને વળગે છે. પરિસ્થિતિ આટલી વિકરાળ બની રહી હોય ત્યારે સરકારી વિભાગો વચ્ચે સંકલનનો અભાવ ચિંતા ઉપજાવે છે.

બીજો મહત્વનો પ્રશ્ન કે જો કોઈ આંકડા રોજેરોજ જાહેર કરાય છે એમાં મહાનગરપાલિકા કે જિલ્લા પંચાયત દ્વારા કરાતા એન્ટીજન ટેસ્ટના આંકડા ઉમેરાય છે કે નહી..? ખાનગી લેબોરેટરીમાં થતા આરટીપીસીઆરના આંકડા સામેલ કરાય છે કે નહી..? અને જો ના કરાતા હોય તો એનું કારણ જાણવામાં પ્રજાને રસ છે. રવિવારે શહેરની એક પ્રતિષ્ઠિત પેથોલોજી લેબોરેટરીમાં કોરોનાના ૯૦ દર્દીઓનો ટેસ્ટ કરાયો હતો જેમાં ૪૯ ના રીપોર્ટ પોઝીટીવ આવ્યા હતા. આ તો માત્ર એક લેબોરેટરીની વાત છે. શહેરમાં ૩ ખાનગી લેબોરેટરી પાસે ટેસ્ટ કરવાની પરવાનગી છે તો એ આંકડા ક્યાં પહોંચે..?! અને એટલું જ નહી મહાનગરપાલિકા અને જિલ્લા પંચાયત બન્ને દ્વારા ૪૦૦-૪૦૦ એન્ટીજન ટેસ્ટ થાય છે અને એમાં પણ ૧૦ થી ૧૫ દર્દીઓના કોરોના પોઝીટીવ રીપોર્ટ આવે છે તો આ આંકડાઓ ક્યાં ? આ તમામ આંકડાઓનો સરવાળો કરવામાં આવે તો ઓછામાં ઓછા ૨૫૦ થી ૩૦૦ કેસ છેલ્લા ૩ દિવસથી નોંધાય છે એમ માની લેવુ રહ્યુ. પણ મુળભૂત વાત એ છે કે સરકારના પોતાના વિભાગો વચ્ચે સંકલનનો અભાવ, સરકારે માન્ય કરેલી એજન્સીઓ વચ્ચે કોઈ સંકલન નથી અને આમ છતાંય રોજેરોજ સબ સલામતની જાહેરાત થાય ત્યારે વિશ્વાસ હચમચી જાય છે. તંત્રના અધિકારીઓને અને સરકારના મોટા મોટા સાહેબોને પ્રાર્થના છે કે સાચી સ્થિતિથી પ્રજાને અવગત કરો સાચા આંકડા દર્શાવો અને સમાજને સતર્ક બનાવો એ જ કોરોનાને હરાવવાનો વિજય માર્ગ બનશે.

# રાજ્ય સરકારના મહત્વના નિર્ણયો

- લગ્ન/ સત્કાર સમારોહ જેવી અન્ય ઉજવણીઓ માં સ્થળ ની ક્ષમતા ના ૫૦ ટકા થી ઓછા પરંતુ વધુમાં વધુ ૧૦૦ વ્યક્તિઓની મર્યાદા માં આયોજન કરવાનું રહેશે.
- મૃત્યુ ના કિસ્સામાં અંતિમ વિધિ / ધાર્મિક વિધિમાં મહત્તમ ૫૦ વ્યક્તિઓની મર્યાદા રાખવામાં આવી.
- જે શહેરોમાં રાત્રિ કરફ્યુ અમલ માં છે તે શહેરોમાં કરફ્યુ સમય દરમિયાન લગ્ન/ સત્કાર કે અન્ય સમારોહ ની ઉજવણી ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.
- આ નિર્ણયો નો અમલ સમગ્ર રાજ્યમાં આવતીકાલ મંગળવાર ની મધ્યરાત્રિ થી કરવામાં આવશે.

# શહેરમાં સિઝનની મહત્તમ ઠંડી

**લઘુત્તમ તાપમાન ૧૩ ડીગ્રીએ પહોંચ્યુ : લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે પણ બેવડાથી વધુ તફાવત : દિવસનુ તાપમાન પણ ૩૨ ડીગ્રી રહેતા ગરમી ઠંડીની બેવડી અસરથી જનજીવન પ્રભાવિત : વિચિત્ર મોસમના લીધે જનઆરોગ્ય પર વિપરિત અસર**



ગાંધીનગર તા ૨૩

ગાંધીનગરમાં કોરોનાની સાથે ઠંડીનુ જોર પણ દિનપ્રતિદિન વધી રહ્યુ છે. છેલ્લા ત્રણ ચાર દિવસથી ઠંડીનો પારો સતત ગગડી રહ્યો છે. અલબત્ત ઠંડીનુ જોર વધી રહ્યુ છે. આજે પણ સિઝનનો સૌથી ઠંડો દિવસ રહ્યો હતો લઘુત્તમ તાપમાન ૧૩ ડીગ્રી પહોંચી ગયુ હતુ. ઠંડી વધુ આકરી બનતા નગરજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળે છે. ઠંડીના લીધે શહેરમાં રાત્રિના સમયે સન્નાટો જોવા મળે છે. બીજીતરફ મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે બેવડાથી પણ વધુ તફાવત જોવા મળી રહ્યો છે. મહત્તમ તાપમાન આજે ૩૨ ડીગ્રી રહ્યુ હતુ જેના લીધે દિવસે ગરમી અને સાંજ ઢળતા જ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ. નગરજનો વિચિત્ર મોસમનો અહેસાસ કરી રહ્યા છે.

શહેરમાં છેલ્લા ચાર પાંચ દિવસથી ઠંડીનો પારો ગરમ જોવા મળી રહ્યો છે. અલબત્ત ઠંડીની મોસમ ધીમે ધીમે વધુ આક્રમક બનતી જાય છે. છેલ્લા ત્રણ દિવસમાં મહત્તમ તાપમાન ૧૫.૫ થી નીચે ઉતરીને હવે ૧૩ ડીગ્રી સુધી પહોંચી ગયુ છે. બે ત્રણ દિવસમાં જ લઘુત્તમ તાપમાન

● અનુસંધાન પાન-૭ પર

# કોરોનાના કહેર વચ્ચે નગરની સરકારી કચેરીઓ આજથી ધમધમતી થઈ

**અમદાવાદથી આવતા કર્મચારીઓ પણ કરફ્યુ હટાવી લેવાતા રાબેતા મુજબ કચેરીઓમાં આવતા થયા**

ગાંધીનગર તા ૨૩

નગરની સરકારી કચેરીઓમાં આજે ધમધમાટ જોવા મળ્યો હતો. કોરોનાના વધતા કહેર વચ્ચે અમદાવાદમાં કરફ્યુ જારી કરાતા કર્મચારીઓની હાજરી ઘટી હતી જયારે દિવાળીના તહેવારના લીધે પણ કચેરીઓમાં ખાલીપો જોવા મળતો હતો જયારે આજથી ગાંધીનગર અમદાવાદ વચ્ચેનો ટ્રાફિક પણ સામાન્ય થવાની સાથે કચેરીઓમાં પણ ધમધમાટ જોવા મળ્યો હતો.

ગાંધીનગરમાં આજથી સરકારી કચેરીઓમાં ધમધમાટ જોવા મળ્યો હતો. દિવાળીના પર્વ દરમિયાન નગરની સરકારી કચેરીઓમાં ખાલીપો જોવા મળ્યો હતો જયારે રજાના દિવસો બાદ અમદાવાદમાં પણ કરફ્યુ અમલમાં મુકાતા અમદાવાદથી આવતા કર્મચારીઓ પણ ગાંધીનગર ફરજ પર આવતા ન હતા જેના લીધે કચેરીઓમાં ખાલીપો જોવા મળતો હતો. એકબાજુ કોરોનાનો કહેર દિન પ્રતિદિન વધી રહ્યો છે. ત્યારે સરકારી કચેરીઓમાં પણ કર્મચારીઓ વિશેષ જાગૃત બન્યા

● અનુસંધાન પાન-૭ પર

# કોરોના કેર વચ્ચે ફરી એકવાર વીરપુર જલારામ મંદિર બંધ કરાયું

રાજકોટ,તા. ૨૩

સૌરાષ્ટ્રમાં કોરોનાનો કહેર વધતા સુપ્રસિદ્ધ યાત્રાધામ વીરપુરના સંત જલારામ બાપાના દર્શન તેમજ ભોજન પ્રસાદ ફરી એકવાર બંધ કરવામાં આવ્યું છે. જ્યાં સુધી નવી જાહેરાત ન થાય ત્યાં સુધી ભાવિક ભક્તોને ન આપવવા અપીલ કરવામાં આવી છે. મહત્વનું છે કે રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં કોરોનાનો બીજો તબક્કો શરૂ થઈ ગયો છે. જેથી કોરોના પોઝિટિવ કેસની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. વીરપુરમાં અત્યારે ભાવિકો મંદિરના દરવાજેથી દર્શન કરી પરત ફરી રહ્યાં છે.

'દેને કો ટુકડા ભલા લેને કો હરી કા નામ' સૂત્રને સાર્થક કરનાર પૂજ્ય સંત જલારામ બાપાની ૨૨૧મી જન્મજયંતિ બે દિવસ પહેલા જ સાદાઈ પૂર્વક અને કોરોનાની ગાઈડલાઈન મુજબ ઉજવણી કરાઈ હતી.

# શહેરમાં કોરોના બેફામ : ૩૮ કેસ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાં કોરોના બેફામ બની વિસ્તરી રહ્યો છે. શહેરમાં આજે વધુ ૩૮ કેસ નોંધાયા છે જો કે રાજ્ય સરકારે ૪૪ કેસ નોંધાયાનું કહ્યું છે.

શહેરમાં આજે બે દંપત્તિ અને માતા-પુત્ર પણ કોરોનાની ઝપટમાં આવ્યા છે. શહેરમાં જે ગતિએ કેસોની સંખ્યા વધી રહી છે તેને ધ્યાને રાખી તંત્રએ હવે ખાનગી હોસ્પિટલોમાં બેડની સંખ્યા વધે તેના પર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. આ ઉપરાંત ટેસ્ટીંગની સંખ્યામાં પણ વધારો કર્યો છે.

શહેરમાં આજે પણ મહિલા દર્દીઓ અને મોટી વાયના લોકો સંક્રમિત થયાનું સ્પષ્ટ દેખાય છે. શહેરમાં વધતા જતા કેસોએ તંત્રની ચિંતા વધારી છે અને આગામી દિવસોમાં તંત્ર દ્વારા કડક પગલાંઓ લેવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે. શહેરમાં માસ્ક નહિ પહેરનારાઓ સામે દંડનીય કાર્યવાહી સઘન બનાવી દેવામાં આવી છે.

શહેરમાં આજે સે. ૩ માં ૬ કેસ, સે. ૧૯, ૨૩, ૨૬ અને ૫ માંથી ૪-૪ કેસ, ઉપરાંત સે. ૩૦ અને સે. ૨૨ માં ૩-૩ કેસ, તેમજ જીઈબી, સે. ૨૯, સે. ૭, સે. ૪, સે. ૨, ૧૩, ૨૦ માંથી પણ કેસ મળ્યા છે. સે. ૮ અને સે. ૨૮ માંથી ૨-૨ કેસ મળી આવ્યા છે.

**સે. ૩ માં ૬ કેસ, સે. ૧૯, ૨૬ અને ૫ માં ૪-૪ કેસ, સે. ૩૦ અને સે. ૨૨ અને સે. ૨૩ માં ૩-૩ કેસ, સે. ૮ અને સે. ૨૮ માં ૨-૨ કેસ ઉપરાંત જીઈબી, સે. ૨૯, સે. ૪, સે. ૨, ૭, ૧૩ અને ૨૦ માંથી પણ કેસ મળ્યા**

સે. ૩૦ માંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. જે એક જ પરિવારના હોવાનું જાણવા મળેલ છે. ૩૦ વર્ષીય ગૃહીણી, ૫૪ વર્ષીય મહિલા જે સ. ૧૮ માં પોલીસ તરીકે સેવા બજાવે છે અને ૫૪ વર્ષીય ડી.જી.પી. ઓફિસના કર્મયોગી છે. તેમના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

સે. ૭ માંથી ૨૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૩ માં તો આજે કોરોનાનો વિસ્ફોટ થયો છે. ૬ કેસ આજે આ સેક્ટરમાંથી મળી આવતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે.

૬૪ વર્ષીય નિવૃત્ત કર્મયોગી, સે. ૬ માં રહેતા અને બેંક ઓફ બરોડાની તલોદ શાખામાં મેનેજર તરીકે ફરજો બજાવતા ૨૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૬૬ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૩૯ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૩૯ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૧૫ વર્ષીય વિદ્યાર્થીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જીઈબીમાંથી ૪૬ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૨માંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. ૨૫ વર્ષીય અભ્યાસ કરતા યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. મધુર પાર્લરમાં સેલ્સમેન તરીકે ફરજો બજાવતા ૫૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૨ સ્થિત જૈન મંદિરમાં સિક્યોરીટી ગાર્ડ તરીકે ફરજો બજાવતા ૬૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૨૯ માંથી ૪૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૮ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. ૫૯ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૫૬ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને વડોદરાની આશીર્વાદ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

સે. ૨૩ માંથી ૩ કેસ મળી આવ્યા છે. માણસા ખાતે ડ્રીપ ઈરીગેશનમાં કામ કરતાં ૩૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૭૬ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૪૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૧૯ માંથી ૪ કેસ મળી આવ્યા છે. જેણે તંત્રની ચિંતા વધારી છે. ૩૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૧૪ વર્ષના વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૬૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૬૪ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામીણ વિસ્તારમાં કોરોના વકર્યો : નવા ૩૩ કેસ નોંધાયા

**ગાંધીનગરમાં ૧૫, દહેગામમાં ૯, માણસામાં ૩, કલોલમાં ૬ કેસ નોંધાયા : ૨૭૦૭ દર્દીઓ કોરોનામુક્ત થયા**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે વધુ ૩૩ કેસ મળી આવ્યા છે જેથી તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. ગ્રામીણ વિસ્તારમાં સંક્રમણને નાથવા માટે હવે તંત્ર આકરા પગલાઓની ભલામણ કરી રહ્યાનું જાણવા મળેલ છે.

ગ્રામીણ વિસ્તારમાં આજે નોંધાયેલા ૩૩ કેસમાં ૨૦ થી વધુ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. ગ્રામીણ વિસ્તારમાં જે ગતિએ કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્ર ચિંતીત બન્યુ છે.

જિલ્લામાં આજે ૧૨થી વધુ મહિલા દર્દીઓ નોંધાયા છે. આ ઉપરાંત મોટીવયના દર્દીઓની સંખ્યા પણ વધી રહી હોવાથી તંત્રની ચિંતા બેવડાઈ છે. ગ્રામીણ વિસ્તારમાં એન્ટીજન ટેસ્ટના આંકડાઓ અંગે તંત્ર દ્વારા મૌન સેવવામાં આવી રહ્યુ છે. જો કે તંત્રના સૂત્રો કોમ્યુનીટી ટ્રાન્સમિશન થઈ ગયાનો આડકતરો એકરાર કરી ગ્રામીણ વિસ્તાર ખાસ કરીને સેમી અર્બન વિલેજીસ છે તેમાં આકરા પગલાંઓ લેવાની હિમાયત કરી રહ્યા છે.

જિલ્લામાં આજે ગાંધીનગરમાં ૧૫ કેસ, દહેગામમાં ૯ કેસ, માણસામાં ૩ કેસ અને કલોલમાં ૬ કેસનો સમાવેશ થાય છે.

વાવોલ ગામેથી ૬૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયેલ છે. આ ઉપરાંત લેકાવાડા ગામેથી ૫૨ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને પણ હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

છાલામાં ૪૯ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અડાલજમાંથી ૨૨ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કોબામાંથી ૫૮ વર્ષીય ખાનગી નોકરી કરતા પુરૂષનો અને ૫૬ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સુઘડ ગામેથી ૬૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ઝુંડાલમાંથી ૪૭ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. પેથાપુરમાંથી ૨૮ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સરગાસણ ગામમાંથી આજે ૪ કેસ મળી આવ્યા છે. ૩૪ વર્ષીય કર્મયોગીની, ૬૪ વર્ષીય નિવૃત્ત કર્મયોગી, ૩૯ વર્ષીય મહિલા, ૨૯ વર્ષીય

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
Kisan
ashirvad
Jaquar
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૨૬૦૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૯૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં

સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ

EMERGENCY 24 HOURS SERVICES

સુવિધાઓ
- આઈ.સી.યુ.ની સુવિધા • 2D Echo
- અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ હાઈ ફ્રિકવન્સી એક્સ-રે મશીન
- સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
- એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
- મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા

ઉપલબ્ધ સારવાર

ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
• ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર • આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન

સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
• દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
• હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન

મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
• હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ

પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મહેતા MS MCH, Plastic Surgeon
• ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
• હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ • અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી

કાન, નાક, ગળા વિભાગ (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
• કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર

ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
• મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન

For Appointment : Mo. : 84698 80550

OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.

આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦

કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮

# રાજ્યના ૪ મહાનગરોમાં રાત્રિ કર્ફ્યુ દરમિયાન એસટીને પ્રવેશ મળશે નહીં

**ચારેય શહેરોમાં આવતી-જતી ૧૭૦૦થી વધુ બસો ઉપર પ્રતિબંધ, સવારે ૭થી રાતના ૮ સુધી મુસાફરી કરી શકાશે**

અમદાવાદ, તા. ૨૩

દિવાળીના તહેવારો બાદ અમદાવાદ સહિત રાજ્યભરમાં કોરોનાના કેસ અને મૃત્યુઆંકમાં ચિંતાનજક વધારો થઈ રહ્યો છે. જેના પગલે અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં રાત્રે ૯ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધી રાત્રિ કર્ફ્યૂ લાદવામાં આવ્યું છે. રાત્રિ કર્ફ્યૂ દરમિયાન આ ચારેય શહેરોમાં એસટી બસના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોવાનું મીડિયા રિપોર્ટના આધારે જાણવા મળ્યું છે. ઉલ્લેખનીય છે કે, અમદાવાદ શહેરમાં શુક્રવારે રાતે ૯ વાગ્યાથી સોમવારે સવારે એટલે કે આજે સવારે ૬ વાગ્યા સુધી ૫૭ કલાકનું સંપૂર્ણ કર્ફ્યૂ લાદવામાં આવ્યું હતું.

ગુજરાતમાં કોરોનાના સંક્રમણને અટકાવવા માટે રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ શહેરમાં રાત્રે નવ વાગ્યાથી સવારના છ વાગ્યા સુધી રાત્રિ કર્ફ્યૂની જાહેરાત કરવામાં આવી છે. અમદાવાદમાં ૫૭ કલાકના સંપૂર્ણ કર્ફ્યૂ બાદ બંધ કરેલી જી્ બસ સેવા ફરીથી શરૂ કરી દેવામાં આવી છે. જો કે, રાત્રિ કર્ફ્યૂ દરમિયાન ચારેય શહેરમાં બસો બંધ રાખવામાં આવવા અંગે જાહેરાત કરવામાં આવી છે. જે મુજબ હવે ચારેય શહેરોમાં સવારના ૬ વાગ્યા પછીથી રાતના ૮ વાગ્યા સુધી જ એસટી બસો ચાલુ રહેશે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટિંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com